# Official Spokesperson's response to a media query regarding Gurdwara 'Shahidi Asthan' at Naulakha Bazaar in Lahore, Pakistan

July 27, 2020

# પાકિસ્તાનમાં લાહોરમાં નૌલખા બઝાર પરનાં 'શહિદી અસ્થાન' ગુરુદ્વારા સંબંધિત મીડિયાનાં સવાલનો અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

જુલાઈ 27, 2020

**પાકિસ્તાનમાં લાહોરમાં નૌલખા બઝાર પરનાં 'શહિદી અસ્થાન' ગુરુદ્વારા સંબંધિત મીડિયાનાં સવાલનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું કે**

"આજે પાકિસ્તાન હાઈ કમિશન સમક્ષ અહેવાલ આવ્યા મુજબની ઘટના પર પ્રબળ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો જેમાં પાકિસ્તાનમાં લાહોરમાં નૌલખા બઝાર ખાતે ભાઈ તારું સિંઘજીની શહિદી સ્થળ પર મસ્જિદ શહિદ ગંજનાં સ્થળ તરીકે દાવો કરવામાં આવ્યો છે અને તેને મસ્જિદ તરીકે રૂપાંતરિત કરવાનાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગુરુદ્વારા શહિદ અસ્થાન ભાઈ તારુજી એક ઐતિહાસિક ગુરુદ્વારા છે જ્યાં ભાઈ તારુજીએ 1745 માં સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. આ ગુરુદ્વારા એક પૂજનીય સ્થાન છે અને શીખ સમુદાય દ્વારા પવિત્ર માનવામાં આવે છે. આ ઘટનાને ભારતમાં મોટી ચિંતા તરીકે જોવામાં આવે છે. પાકિસ્તાનમાં લઘુમતિ શીખ સમુદાયને ન્યાય મળે તે માટે આહ્વાનો કરવામાં આવ્યા છે.

ભારતે આ ઘટના પર સૌથી પ્રબળ શબ્દોમાં તેની ચિંતાઓ વ્યક્ત કરી છે અને પાકિસ્તાનને આ બાબતની તપાસ કરવા માટે અને તાત્કાલિક ઉપાયનાં પગલાઓ લેવા માટે હાકલ કરી છે. પાકિસ્તાનને તેનાં લઘુમતિ સમુદાયોનાં ધાર્મિક અધિકારો અને સાંસ્કૃતિક વારસાનાં રક્ષણ સહિત તેઓની સુરક્ષા, સલામતિ અને સુખાકારીનું ધ્યાન રાખવા માટે પણ હાકલ કરવામાં આવી હતી."

**નવી દિલ્હી**
**જુલાઈ 27, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.